# નવજીવન વડીલ કેન્દ્ર

વૃદ્ધ, એકાકી, અને નિવૃત લોકોની સેવા અને સહાય માટે સ્થપાયેલી સંસ્થા.

વૉલ્યુમ ૧, અંક ૬ ડીસેમ્બર ૨૦૦૭
દર ગુરુવારે સેયર સેન્ટર, ઓક્ષગેટ લેન, ક્રીકલવુડ લંડન માં મળીએ છીએ.

**President**
Pranlal V Parekh
020 8902 7126
**Vice President**
Mahendra P Kothary
020 8907 7188
**Secretary**
Jayant U Doshi
020 8954 1859
**Treasurer**
Jayantilal D. Sheth
020 8204 9527
**Joint Treasurer**
Himatlal Mehta
020 8427 2379
**Committee**
Baburai T Shah
Surendra D Mehta
Jasuben D Sheth (Mrs)
Indrakant Bakhai
Navnitlal Shah
Nayantika Shah(Mrs)

નીચેના સભ્યોના
ડીસેમ્બરમાં જન્મદિન છે
ઇન્દ્રકાંત બખાઇ
ઉષા વી દોશી
જ્યોતિબેન એસ ગાંધી
પુષ્પા એમ ગાંધી
કમલા જે ગાઠાણી
રસિકલાલ સી કપાસી
લક્ષ્મી મેધાણી
ચુનીલાલ બી મહેતા
કમલેશ એલ મહેતા
ગુલશન મશગ્રોવ
સવિતા પી પારેખ
તારાબેન શેઠ

નીચેના સભ્યોના લગ્નની
એનીવર્સરી ડીસેમ્બરમાં છે
રમા અને જયંતીલાલ દોશી
જ્યોતિબેન ગાંધી
અવંતી જસાણી
ધનવિધા પારેખ
જ્યોતિ પુનમ પટવા
તારાબેન અને જયંતીલાલ શેઠ
રંજન વસા

<u>નવેમ્બરના અગત્યના બનાવો:</u> આપણા કેન્દ્ર દ્વારા નવેમ્બરમાં ત્રણ સફળ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતાં

૧. સહુથી પ્રથમ દીપાવલિ લંચ અને પાર્ટી ૮ નવેમ્બરના રોજ હતી જેમાં ૧૩૦ સભ્યો અને મહેમાનો હાજર હતાં બ્રેન્ટના મેયર હર્ષદભાઇ પટેલ, કાઉન્સીલર વિજય શાહ, ડૉ. નટુભાઇ શાહ, બાબુભાઇ આર મહેતા અને અન્ય મહેમાનો પધાર્યા હતાં. દીવાળીની કવિતા જશુબેન શેઠ તરફથી અને તેના વિષે સમજણ ડૉ. હર્ષદભાઇ સંઘરાજકા તરફથી આપવામાં આવેલ. શ્રી માણેક ચોરારીયાનું શાલ અર્પણ કરીને અને £૨૦૦૦ નો ચેક તેમને અર્પણ કરીને સન્માન કરવામાં આવેલ. દીપક જશાપરા અને જયંત દોશીનું પણ શાલ અર્પણ કરીને સન્માન કરવામાં આવેલ. સ્વાદિષ્ટ ભોજન બાદ બીન્ગોની રમત રમાડવામાં આવેલ.

૨. ૧૧ નવેમ્બરના રોજ બે કોચ લેસ્ટર લઇ જવામાં આવેલ જેમાં પ્રથમ તો ડેનહામમ અનુપમ મીશન, લેસ્ટરમાં જલારામ મંદિર અને તે બાદ ગૌતમસ્વામી પૂજનમાં ભાગ લીધો હતો. જૈન સમાજ યુરોપની પ્રતિષ્ઠાની ૨૦મી વર્ષગાંઠ અન્વયે આ પૂજન યોજાયું હતું. વિજય શેઠ અને રમેશભાઇ મહેતાએ કેન્દ્રના પ્રમુખ અને સેક્રેટરીને વિધિવત આવકાર્યા હતાં. સ્વાદિષ્ટ લંચ બાદ સાથે લઇ જવા માટે પણ નાસ્તાનું બોક્ષ આપેલ. સાંજે દીવાળીની રોશની અને થોડુ શોપીંગ પણ કરવાનો સમય હતો. આ ત્રણ મંદિરોમાં અનુક્રમે £૧૫૧, £૫૧ અને £૨૫૧ની રકમ સહુ તરફથી દાન પેટે આપવામાં આવી હતી. પાણી, ફ્રુટ જ્યુસ અને ચોકલેટ રસીલાબેન અને પ્રભુદાસભાઇ શાહ તરફથી આપવામાં આવેલ.

<u>નવેમ્બરના લંચ</u>:- ૧૫ નવેમ્બરના રોજ, ધનલક્ષ્મીબેન અને આપણા સહ ખજાનચી હિંમતલાલ મહેતા તરફથી તેમની લગ્નદિનની વર્ષગાંઠની ખુશાલીમા હતુ..
નરેન્દ્ર કે. મહેતાના માતુશ્રી તારાબેન કે. મહેતાની પ્રથમ પુણ્યુ તિથિ નિમિત, ૨૯ નવેમ્બરના રોજ હતુ.

<u>સભ્યપદ: કેન્દ્ર નું સભ્યપદ જાન્યુઆરીથી ડીસેમ્બર સુધીનું હોય છે.</u> ૨૦૦૭ ના વર્ષ દરમ્યાન, સભ્ય ફી, લંચ અને યોગ-ફી સાથે કુલ વાર્ષિક £૧૦૦ થતાં હતાં હવે જો કે ૨૦૦૮ના વર્ષ માટે આ બધાનોં ફક્ત કુલ £૫૫ રાખેલ છે. જગ્યાના અભાવે મર્યાદિત સૂખ્યામાં જ સભ્યો લઇ શકાશે.
<u>અમારા નવા સભ્યો:</u> અજિત શાહ અને નયનબેન શાહને આવકારીએ છીએ.

<u>નીચેની ખુશીભેટ માટે આભાર:</u>
£20 ગુલાબબેન અને મનસુખલાલ કે.મહેતા £21 ઇશાનના જન્મદિન નિમિતે મનહરલાલ મહેતા તરફથી. ઇશાનને અભિનંદન. £101 દીવાળી પાર્ટી માટે બાબુભાઇ આર મહેતા તરફથી

<u>તંદુરસ્ત જીવનચર્યાની તાલીમ:</u>- ૧૮થી ૨૩ નવેમ્બર દરમ્યાન યોજાયેલ ૬ દિવસની શિબિર અત્યંત સફળ રહી હતી. ૪૧ લોકોએ તેમાં ભાગ લીધો હતો અને વધુ જગ્યાના અભાવે ઘણાને નિરાશ થવું પડયું હતું. રોજ બે યોગના શેસન, મસાજ અને રેઇકી સાથે, લાંબે સુધી ચાલવાનું અને આરોગ્ય વિષે ઉપયોગી માહિતિ અપાઇ હતી.

<u>નળ-દમયંતી</u>: જૈન વિશ્વ ભારતી દ્વારા આયોજિત આ નાટકને આપણા કેન્દ્રે ટિકિટો લઇ સસ્તા ભાવે આપીને સહકાર આપ્યો હતો.

<u>નવા વર્ષની પાર્ટી:-</u> ૩ જાન્યુઆરી ૨૦૦૮ના દિવસે રાખવામાં આવી છે. સવારે ૧૦.૩૦ થી ૧૨.૧૫ સુધી યોગ કરવામાં આવશે, પછી લંચ અને પછી પાર્ટી ગેઇમ્સ.. સભ્યો માટે ફી નથી. ગેસ્ટના £5 ચાર્જ છે. સુરેન્દ્ર મહેતાને અગાઉથી નામ આપવા વિનંતિ છે.

<u>છેલ્લા, તાજા સમાચાર:-</u> સ્થાનિક વૃદ્ધ લોકોની સેવાની કદર તરીકે આપણા કેન્દ્રને વધુ £2,000 ની ગ્રાંટ મળી છે.